

# પ્રાણી ગીત






Scanned by CamScanner



# પ્રાણી ગીત





## તને ચકલી બોલાવે



તને ચકલી બોલાવે તને પોપટ બોલાવે
તને બોલાવે કૂતરું કાળું, એ તો વાંકી પૂંછડીવાળું
નાનાં નાનાં ચાર ગલુડિયાં, આવે છાનાંમાનાં
એક પગે કાળું ને બીજું રંગે ધોળું
ત્રીજું રંગે લાલ લાલ ને ચોથું ધાબાંવાળું
તને ચકલી...
ધડબડ ધડબડ દોડી આવે, ભૂલકાંઓની ટોળી
એક કહે મારું ને એક કહે આ તારું
કોઈ રમાડે રૂપાળું ને સૌને હું પંપાળું
તને ચકલી...

## ચૂં ચૂં દોડતા ઉંદરભાઈ



ચૂં ચૂં કરતા દોડતા રે ઉંદરભાઈ રે ઉંદરભાઈ
સંતાડેલું શોધી કાઢે માજથી ખાતા છનામાના રે
ઉંદરભાઈ...



અમે રાતના તો રાજા અમે એક નહીં પણ ઝાઝા
કંઈક ખખડતાં નાસી જાતા એવા બહાદૂર શાણા રે
ઉંદરભાઈ...





અમે કરતા દોડાદોડી
અમે ખાતા ઘી ને પોળી
કંઈ ન મળે તો કપડાં શોધી
એમાં કરતા કાણાં રે
ઉંદરભાઈ...

## ચલ મેરા ઘોડા તબડક



ચલ મેરા ઘોડા તબડક તબડક
જંગલ આવે ઝાડી આવે
નદીઓ આવે નાળા આવે
તરસ લાગી છે પાણી પીવું છે
ના ના ના ના ચલ મેરા...



વાંકા-ચૂંકા રસ્તા આવે
ઊંચા - નીચા પહાડ આવે
થાક લાગ્યો છે આરામ કરવો છે
ના ના ના ના ચલ મેરા...
મામાનું ઘર દૂર - દૂર
ચલ મેરા ઘોડા તું ચતુર
ભૂખ લાગી છે ચણા ખાવા છે
હા હા હા હા ચલ મેરા...



## છૂક છૂક ગાડી

જંગલ કેરાં પ્રાણીઓની છૂક છૂક ગાડી આવી
સૌથી આગળ કાળો હાથી, એન્જિન એ કહેવાય
હાથી ઉપર બેઠું સસલું, ડ્રાઈવર એ કહેવાય
મોટા મોટા ફળ તોડી, હાથીને દેતું જાય
જંગલ આખું ધમધમ થાય, પક્ષીઓ ગભરાય
કોટ પહેરી વાંદરાભાઈ, ડબ્બે ડબ્બે જાય
પાંદડાંની ટીકીટ તપાસે, ચેકર એ કહેવાય
સૌથી પાછળ ઝંડી લઈને, રીંછભાઈ જાય
જંગલ કેરાં પ્રાણીઓની છૂક છૂક ગાડી આવી





Scanned by CamScanner

# પ્રાણી ગીત



## જંગલમાં ફરતું હરણું



જંગલ ફરતું નાનું હરણું,
પીવા પાણી શોધે ઝરણું.
વાંકાં શિંગડાં પાતળા પગ,
છલાંગ મારીને કૂદે ઢગ.
ધોળાં ટપકાં બદામી રંગ,
તેથી શોભે સુંદર અંગ.
નાની પૂંછ ને નાના કાન,
બચ્ચું દેખી આવે તાન.
લાગે ચંચળ પણ એ ભોળું,
ભમે સંગ હરણાંનું ટોળું.
પાછળ પડે શિકારી કાળ,
દોડે ભરીને મોટી ફાળ.



## ગોરી રે ગાવલડી

ગોરી રે ગાવલડી
તું છે મારી માવલડી
દૂધ આપ, દહીં બનાવું,
છાશ બનાવું, માખણ બનાવું
ઘી બનાવું, લાડુ બનાવું,
તને ખીલાઉં...
ગોરી રે ગાવલડી.









## ધમ ધમ હાથી



ધમ ધમ હાથી ફરતો,
જંગલમાં એ ફરતો.
ઊંચો જબરો એવો,
જાણે પહાડ જેવો.
સૂંઢ એવી લાંબી,
ઊંચે ઝાડે આંબી.
પંખા જેવા મોટા કાન,
કાળો કાળો એનો વાન.
ટોળામાં એ વસતો,
શિકારી સામે એ ધસતો.
ઝૂલ મકનિયા ઝૂલ,
તારી સૂંઢમાં કમળફૂલ.
ધમ ધમ હાથી ફરતો,
જંગલમાં એ ફરતો.



## ખિસકોલીબાઈ

નાની સરખી ખિસકોલીબાઇ,
જાત્રા કરવા જાય.
સ્ટેશન ઉપર ટિકિટ લેતાં,
માસ્તર ગભરાઇ જાય.
છૂક છૂક કરતી ગાડી આવે,
બારણાં ઉઘડી જાય.
નાની સરખી ખિસકોલીબાઇ,
ઝટપટ બેસી જાય.
છૂક છૂક કરતી ગાડી ચાલે,
બારણાં બંધ થઇ જાય.
સૌથી પહેલાં કાશી જઇને,
ગંગાજીમાં ન્હાય.





Scanned by CamScanner



# પ્રાણી ગીત

## વ્હાલા વ્હાલા લાગે



ડીંગ... ડીંગ... ચાલે સસલાં (૨)
વ્હાલાં વ્હાલાં લાગે કેવાં
નાનાં સસલાં (૨)
કુણાં તરણાં ખાતાં
દોડી દોડી જાતાં



નાનાં સસલાં રે
રમત - ગમત કરતાં એ તો
નાનાં સસલાં (૨)
વ્હાલાં વ્હાલાં લાગે એ તો



## હું ઘોડા ગાડીવાળો



હું ઘોડા ગાડીવાળો
મારો ઘોડો ઘણો રૂપાળો
ધાળો એનો રંગ મહીં કઇ
કાળાં ચાઠાંવાળો
હું ઘોડાગાડી વાળો .
મારી ગાડીનાં બે પૈડાં
તેમાં બેસે બાળક નાનાં
ખણખણ ઘૂંઘરાવાળો મારો ઘોડો...
ચલ ભાઇ, ચલ ભાઇ, સ્ટેશન આયા
તુંને ન ખાયા, મૈને ન ખાયા
તુજે ઘાસ ખીલાઉં? તુજે પાની પીલાઉં ?
તું બહુ નખરાળો
હું ઘોડાગાડી વાળો ..

## નાનાં નાનાં હરણાં

કેવા નાનાં નાનાં હરણાં (૨)
ઠૂમક ઠૂમકતી ચાલ એની ખાતા કૂણાં તરણાં,
કેવાં નાનાં..
કુંજ કુંજની ગલી ગલીમાં એ તો ભોળાં ભમતાં,
કોઇ દિ ડુંગર પછવાડે જઇ હળીમળીને રમતાં,
કોઇ પકડવા આવે ત્યારે ઠેકી જાતાં ઝરણાં
કેવાં નાનાં..
રહેવું એને નિશ દિન મોટાં પ્રાણીઓથી ડરી,
તોય સદાયે મસ્ત મગનમાં રહેતાં હિંમત ભરી,
રૂડાં રૂપાળાં હરણાં તો જાયે રૂપ શાં વરણ્યાં
કેવા નાનાં..





## ઘોડીનો સવાર



હું તો કાળી ઘોડીનો સવાર
ઘોડી મારી થનગન થનગન નાચે
હું તો બાંધુ સાફલિયો માથે
ધરી રાખું લગામ એક હાથે
એને એડી મારુ જયાં લગાર
ઘોડી મારી વાયુના વેગે ભાગે
હું તો કાળી...
એને ચણાને ઘાસ ખવડાવું
એને નદીમાં રોજ નવડાવું
એ તો રૂપરૂપની અંબાર
ઘોડી મારી રૂપાળી લાગી
હું તો કાળી...
એને ચાબૂક કદી નહીં મારું
એને હેત કરીને પંપાળુ
એ તો ચાલે રણકતી ચાલ
ઘૂઘરીઓ ઘમઘમ ઘમઘમ વાગે
હું તો કાળી...



Scanned by CamScanner



# પ્રાણી ગીત



## મેં એક બિલાડી પાળી છે




મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.
દહીં ખાય દૂધ ખાય,
તે ઘી તો ચપ ચપ ચાટી જાય.
ને ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.
તેના ડિલ પર ડાઘ છે,
ને મારા ઘરનો વાઘ છે.

## એક હતી બિલ્લી



એક હતી બિલ્લી
જાય શહેર દિલ્હી
દિલ્હીથી કાશી
જાય બિલ્લી માસી
કાશીથી સુરત
આવી પહોંચે તુરત
ત્યાંથી જાય ઘેર
ને કરે લીલા લ્હેર.



## બિલ્લી વાઘ તણી માસી



બિલ્લી વાઘ તણી માસી
જોઈને ઉંદર જાય નાસી.. બિલ્લી..ઇ
ચામડી ઉપર ચટાપટાને
પૂંછડી પટપટ થાય,
ખૂણા વચાળે, ખોળીખોળીને
ઉંદર ઝટપટ ખાય.. બિલ્લી...
ભૂરે ડોળે, ભલું ભાળતી
જવ અંધારું ઘોર
એક જ ઘરમાં ગોઠે નહીં
એ આખા ગામનો ચોર..બિલ્લી...
પાણી પીતી જીભ વડે ને
આંખો મીંચી ખાય
કૂતરું એનો કાળ જ એને
દેખી ભાગી જાય.. બિલ્લી...

## બિલાડીનું નાનું બચ્ચું

બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય
બસ રીક્ષામાં ચક્કર આવે, ચાલતાં ચાલતાં જાય
બિલાડી...

રસ્તાની એ ડાબે ચાલે, હળવે હળવે જાય
ચહેરા પર એ હિંમત રાખે, પણ મનમાં ગભરાય
બિલાડી...

કૂતરાભાઇ તો ટ્રાફીક પોલીસ, તરત સમજી જાય
સોટી મારે હાથ બતાવે, તરત થોભી જાય
બિલાડી...

મેળામાં તો સ્ટોલ ઘણાં છે, ખાવા મન લલચાય
પણ મમ્મીનું એ યાદ આવ્યું કે બહારનું ન ખવાય
બિલાડી...







Scanned by CamScanner



# પ્રાણી ગીત





## કેવું મજાનું મારું ગલુડિયું

કેવું મજાનું દેખાય મારું ગલુડિયું
શેરીમાં દોડી દોડી જાય મારું ગલુડિયું
મારું ગલુડિયુ નાચતું ને કૂદતું
સૌને હસાવતું મારું ગલુડિયું
મારું ગલુડિયું ખાતું ને પીતું
પૂંછડી પટાવતું મારું ગલુડિયું
મારું ગલુડિયું નામ છે મોતી
સાનમાં સમજી જાય
મારું ગલુડિયું...



## ફરતું આવે ગલુડિયું

આમ તેમ ફરતું આવે ગલુડિયું
કાબર ચીતરું રંગે ગલુડિયું.
આંગણામાં ઓટલે સૂતું ગલુડિયું.
કૂંડીમાંથી પાણી પીતું ગલુડિયું
ઊની ઊની રોટલી ખાતું ગલુડિયું.
વધેલી રોટલી દાટે ગલુડિયું
અજાણ્યાને દેખી ભસે ગલુડિયું.
પંપાળતા નહિ ખસે ગલુડિયું
આમ તેમ ફરતું આવે ગલુડિયું.

## નાનાં એવા કુરકુરિયું

નાના એવા કુરકુરિયાએ, કીધું જબરું વેન
મમ્મી પપ્પા ચિંતામાં, ને મુંઝાયા સ્કૂલના બેન
નીચે બેસી ચીસો પાડે, ધૂળ મહીં પગ ઘસતું
બટકાં ભરતું પોતાને, આડું-અવળું ખસતું
બરફ ખાધો, ગુલ્ફી ખાધી, શરબત સઘળું પીધું
ચોકલેટ ખાવા જીદ આદરી, કરે ન કોઈનું કીધું
સૌ સમજાવે ચોકલેટથી, તો દાંતમાં પડશે કાણાં
એ કરતાં ખાવા શિંગ ચણા ને ખાઓ કડક વટાણા
નાના એવા કુરકુરિયાએ, કીધું જબરું વેન



## એક ટીપુડો પાળ્યો છે

મેં એક ટીપુડો પાળ્યો છે
તે રંગે બહુ રૂપાળો છે
મૂછાળો છે ભાઇ બહુ ઘણો રૂપાળોછે
મેં એક ટીપુડો...

બે પગ ધોળા ને બે પગ કાળા
આંખોમાં છે નાના કુંડાળાં
એ ફરતો પટાવાળો છે
મેં એક ટીપુડો...

પૂંછડેથી સન્માન કરે
નાકે થી અનુમાન કરે
તે ઓછી નીંદરવાળો છે
મેં એક ટીપુડો...


દેખી મને કરતો બહુ ચાળા
હાથ ચમકતા નખ જાડા
એ બહાદુર હિંમતવાળો છે
મેં એક ટીપુડો...





Scanned by CamScanner

# પ્રાણી ગીત



## બોલે છે વાંદરો હૂપ રે હૂપ

હૂપ રે હૂપ, હૂપ...હૂપ...હૂપ...
બોલે છે વાંદરો, બોલે છે વાંદરો
ધીમહિ બેનને છાપરે.. રિવા બેનને માળીએ
જો પેલો (૨) છાપરા કૂદે... હૂપ... રે હૂપ...
આંબાની ડાળીએ સરોવરની પાળીએ
જો પેલો (૨) ગોટલા ચૂસે... હૂપ... રે હૂપ...
એણે દાંતિયા કર્યા, મેં સામા કર્યા
લાકડી લીધી, છૂટી ફેંકી
ધોકો લીધો, છૂટો ફેંક્યો
વાટકો લીધો, છૂટો ફેંક્યો
એ ભાગી ગયો .... હું હસી પડી.



## વાંદરટોળી હૂપાહૂપ

વડલા ડાળે વાંદરટોળી, કરતી હૂપાહૂપ
છાનોમાનો જોયા કરું, થઈને ચૂપાચૂપ.
એક મોટો બૂઢિયો, વાનરનો સરદાર
એની પાછળ નાના મોટા, વાંદરા છે દસબાર
છાપરાં કૂદે, કૂદે અગાસી એવાં એ બહાદૂર
છાનોમાનો...

લીમડાની એ ખાય લીંબોળી, વડના ખાયે ટેટા
આંબે કેરી ખાઈ ખાઈને, ગોટલાં નાખે હેઠાં
ઠેકડા મારે ખાય ગુલાંટો, કરતાં ઝૂંટાઝૂંટ
છાનોમાનો...

એક વાંદરી જૂ વીણીને, ઝટપટ મોંમા નાખે
મમ્મી પેઠે વહાલ કરી, છાતીએ ચાંપી રાખે
માણસ જેવું રૂપ છે, એનું કેવું આબેહૂબ
છાનોમાનો...

## હૂપ હૂપ કરતા આવ્યા

હો... વાંદરા હૂપ હૂપ કરતાં આવ્યાં
એ... નળિયાં નવાં નવાં ભાંગ્યાં
હો..વાંદરા...
મણી માસીનું માટલું ફોડ્યું,
કાશી કાકીનું પીંજરુ તોડ્યું,
એ... રોટલા લઈને ભાગ્યા
હો.. વાંદરા...
વોય.. વોય.. કરતી બા તો ભાગી,
કિયા કિયા કરતી બબલી ભાગી,
એ... ઘૂઘરો લઈને ભાગ્યા
હો.. વાંદરા...
છીંકણી સૂંઘતા ડોસીમા ઊઠયાં
દંડો લઈને કૂદયાં એ.. દાંડિયો લઈને ભાગ્યા
હો..વાંદરા...

## ડાહ્યા ત્રણ વાંદરા

પેલા રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા
એકે કરી છે બંધ આંખો બે હાથથી
ખોટું જોવાય નહીં હો
બીજે કર્યું છે બંધ મોઢું બે હાથથી
ખોટું બોલાય નહીં હો
ત્રીજે કર્યા છે બંધ કાન બે હાથથી
ખોટું સંભળાય નહીં હો
ગાંધી બાપુનું બોધક રમકડું
પ્રેમાળ ભુલાય નહીં હો





Scanned by CamScanner



# પ્રાણી ગીત

## નાની બકરી નામ લગરી



મારી નાની બકરી,
નામ પાડ્યું લગરી,
રોજ ચારો ચરતી,
ગલીએ ગલીએ ફરતી,
ઘર ઘર એ તો ફરતી જાય,
છાલો છોતરાં ખાતી જાય,
કાળો ધોળો એનો રંગ,
નાના ભૂલકાંઓનો સંગ,
સાંજે થાકી ઘેર જાય,
બચ્ચાં એના રાજી થાય,
બહેન બકરી દોતી જાય,
ભઈલો દૂધ પીતો જાય.

## બકરી બોલે બેં બેં









મારી બકરી બોલે, બેં બેં બેં
એ તો સાંજે સવારે દૂધ જ દે
મારી બકરી બોલે, બેં બેં બેં
પેલો ઉંદર બોલે, ચૂં ચૂં ચૂં
કહે રાત તણો હું રાજા છું મારી બકરી...
પેલી બિલ્લી બોલે મ્યાઉં મ્યાઉં મ્યાઉં
કહે રાત તણી હું રાણી છું મારી બકરી...
પેલો વાંદરો બોલે, હૂપ હૂપ હૂપ
એને સીંગ-ચણા તો ભાવે ખૂબ મારી બકરી.
પેલો કૂતરો બોલે, હાઉં હાઉં હાઉં
રોટલો આપો તો ખાઉં ખાઉં ખાઉં
મારી બકરી બોલે, બેં બેં બેં




## મજાની ખિસકોલી

તું અહીંયા રમવા આવ, મજાની ખિસકોલી,
તું દોડ, તને દઉં દાવ, મજાની ખિસકોલી,
તું કેવી હસે ને રમે, મજાની ખિસકોલી,
તારા કૂદકા તો બહુ ગમે, મજાની ખિસકોલી,
તું જ્યારે ખિલખિલ ગાય, મજાની ખિસકોલી,
તારી પૂંછડી ઊંચી થાય, મજાની ખિસકોલી,
તારે અંગે સુંદર પટા, મજાની ખિસકોલી,
તારી ખાવાની શી છટા, મજાની ખિસકોલી,
તું ઝાડે ઝાડે ચડે, મજાની ખિસકોલી,
કહે કેવી મજા ત્યાં પડે, મજાની ખિસકોલી,
બહુ ચંચળ તારી જાત, મજાની ખિસકોલી,
તું ઉંદરભાઈની નાત, મજાની ખિસકોલી,



## એક હતી શકરી

એક હતી શકરી,
પાળી એણે બકરી.
શકરી ગઈ ફરવા,
બકરી ગઈ ચરવા.
ફરીને આવી શકરી,
ભાળી નહિ બકરી.
રડવા લાગી શકરી એં એં,
આવી પહોંચી બકરી બેં બેં.



Scanned by CamScanner



# પ્રાણી ગીત

## ચાલી ઉંદરભાઈની જાન



ચાલી ઉંદરભાઈની જાન
સાથે સો સો રે મશાલ ચાલી
જાડા- પાડા, કાણાં -કૂબડાં
જાનૈયા હજાર...
રખવાળાં છે કુત્તાભાઈનાં
વાનરજી સરદાર.. ચાલી
સસ્સાજી ગધ્ધાજી ઉપર
બજાવે ડંકા નિશાન
બેન્ડ બજાવે કૂકડાભાઈ ને
બકરી બેં બેં ગાય.. ચાલી...
વરરાજાની ગાડી જુઓ
ચકલાં જોડયાં ચાર
ચમ્મર ઢોળે મચ્છર ભાઈ ને
પાન ધરે શિયાળ..ચાલી...
કોઠી ફોડે કાબરબાઈ ને
હાથી ફોડે હવાઈ
બગલો ફોડે બંદૂકડી ને
ઊંટ કરે ભવાઈ..ચાલી...
બિલ્લીબાઈ સામૈયું લાવ્યાં
વરરાજા ગભરાય
જાનૈયાંની જુઓ ફજેતી
દોટં દોટા થાય..ચાલી...




## મારે ઘરે ઉંદરડી આવે છે

મારે ઘરે ઉંદરડી આવે છે
એને કાચું કોરું ભાવે છે
પગ નાના, પંડે છોટી છે
પણ પૂંછડી લાંબી મોટી છે
બહાર જાય, ઘરમાં જાય
મીની દેખી, દરમાં જાય
એ કપડાંલતા કાપે છે
ને બાને બહુ સતાવે છે
પણ ચૂં ચૂં કરતી ભાગે ત્યારે
કેવી મજાની લાગે છે.



## સસલો જમવા બેઠો

સસલીબેને સેવ બનાવી સસલો જમવા બેઠો
જમતાં જમતાં યાદ આવ્યું કે સોમવાર છે
માખીબેને મધ પીરસ્યું ને મકોડાભાઈ જમતાં
જમતાં જમતાં મલકયા આજે મંગળવાર છે
બિલ્લો - બિલ્લી બાઘ્યાં ત્યારે વાંદરો થયો તો કાજી
બટકે બટકે બધું જમી કહે બુધવાર છે
ગધાજીને ગેંડાજી બેય હું ખાઉં હું ખાઉં કરતા
ગાય આવી ત્યાં બોલી આજે ગુરુવાર છે
શિયાળભાઈએ ખેતરમાં જઈ શેરડી બહુ બહુ ખાધી
ખેડુ આવી ત્યાં બોલ્યો આજે શૂક્રવાર છે
શાહમૃગજી શીમળા નીચે એક પગે થઇ ઊભા
બંદર પૂછે કેમ ? તો કહે શનિવાર છે
ઝલકબેને, દેવભાઈને કહ્યું કે ચાલો ભણીએ
ભાઈ કહે બેન , આજે રવિવાર છે.



Scanned by CamScanner



# પ્રાણી ગીત



## વાનર કહે છે




વાનર કહે છે રીંછભાઇને ચાલો મોટાભાઇ
સંગીતનો જલસો આદરીએ
કરીએ ખૂબ કમાઇ..
વાનર કહે છે...

તમે બજાવો મંજીરા ને હુંય બજાવું થાળી
નાચી કૂદી ફરીશું બન્ને
રમશું લેતાં તાળી..
વાનર કહે છે...

બજી ડૂગડૂગી લોક ભરાયા
જોઇ જોઇ હરખે મન
વાનર ઊભો થાળી પીટે વાગે ઠનનન ઠન્ન
વાનર કહે છે...

રીંછે એમાં સૂર પુરાવ્યો ખૂબ કરી હા આહ
પૈસાનો વરસાદ વરસ્યો
વાહ ગવૈયા વાહ..
વાનર કહે છે...

પાસે ઊભા લંબકરણજી કર્યો તરત વિચાર
હું યે એમાં સૂર પૂરું તો
થઇ જાય બેડો પાર.. વાનર કહે છે...
ગધેડાજી ગાવા લાગ્યા રસની છૂટી રેલ
ધોકા માથે પડવા લાગ્યા
પૂરો થયો ખેલ..
વાનર કહે છે...




## હું ગધ્ધો હોંચી હોંચી



હું ગધ્ધો હોંચી હોંચી
મારો શેઠ કુંભાર ને ધોબી,
આખો દિવસ કામ કરીને,
કમાઇ આપું રોજી...
ગજા વિનાનું કામ કરું હું બોજ ઉપાડું ભારે,
દયા નહિ એના દિલમાં એ ડફણે ડફણે મારે,
કોઇ આપો રે દિલસોજી.. હું ગધ્ધો...
સહુ પ્રાણીઓમાં ભોળું તેથી મૂરખ મુજને જાણે,
લાગ લઇને લાત લગાવું બેટો એ પણ જાણે,
મારે શોક નથી ધરવોજી... હું ગધ્ધો...

## વાંકું ચૂંકું ઊંચું ઊંટ



વાંકું ચૂંકું ઊંચું ઊંટ
લાંબી ડોક ને પીઠે ખૂંધ,
ટૂંકી પૂંછ ને ટૂંકા કાન
વા વંટોળનું એને ભાન.
રંગે પીળું નહિ રૂપાળું,
આંકડા વિના ખાયે સઘળું,
વાંકા ટેડા એના પગ,
છતાં કાપે રેતીનાં ઢગ,
હોઠ લાંબા ને નાની આંખ.
રણમાં ઊડે વિના પાંખ,
રેતી રણમાં દૂર જનાર
ચાલી જાય લાંબી વણજાર.

## તબડક તબડક ઘોડો



તબડક તબડક ઘોડો દોડે
શરત લગાવી મોટર જોડે,
મોટર ગઇ દોડી આગળ
રહી ગયો ઘોડો પાછળ.
કાળો ધોળો બદામી રંગ
શોભે સુંદર તેનું અંગ,
ટૂંકા કાન ને લાંબું પૂંછ
ગરદન પર કેશવાળી ગુચ્છ
પગ એના છે પથ્થર જેવા
કઠણ જમીન પર દોડે કેવા
ઝટ જવા બનો અસવાર
ચાબૂક લગાવો એક જ વાર.
વરઘોડામાં શોભે સુંદર
કરે ખેલ સરકસ અંદર,
થાક લાગે જો કરતાં કામ
ઊભો ઊભો કરે આરામ.





Scanned by CamScanner

# પ્રાણી ગીત

## બોલો હાથી દાદા



બોલો બોલો હાથી દાદા
બોલો બોલો રીંછ મામા
બોલો કેમ છો ? હેમખેમ છો ?
કયાંથી થયા તમે બાંડા ?
બોલો...

આવડી મોટી કાયા શું પડી ગ્યા'તા માંદા ?
ના રે ભાઇ ના એવું કાંઇ નથી
આ તો દોડયા'તા બેઉં પાડા
બોલો બોલો રીંછ મામા
શાને થયા તમે લૂલા ?
કોઇની સાથે બાજયા કે ખાવા ગ્યા'તા મૂળા ?
ના રે ભાઇ ના એવું કાંઇ નથી
અંધારે આવ્યા'તા ખાડા
બોલો...

તમે બાંડા ને અમે લૂલા
આ તે સારી જોડી
ચાલો સામે કાંઠે .. આ વનને દઇએ છોડી
ના રે ભાઇ ના મારે ત્યાં નથી જાવું
તમે તો રીંછભાઇ ગાંડા
બોલો...

જોઇ છે આ સૂંઢ રહેશું વગડામાં
આવો રીંછભાઇ અહીંયા નાખો ધામા
ના રે ના ભાઇ મારે અહીંયા નથી રહેવું
તમે હાથી ભાઇ જાડા
બોલો...

ઓ રીંછભાઇ આ સામેથી શું આવે ?
લાગે છે તો ગોળ મને બહુ ભાવે
ના રે ભાઇ ના મારે ગોળ નથી ખાવો
તું ભરી લે ગોળનાં ગાડાં
બોલો...

## સાવજની સરદારી

સાવજની સરદારી નીચે, સેના ચાલી જાય
આગળ ચાલે સાવજ, એની પાછળ વાઘ
એની પાછળ હાથી, એ સૂંઢ હલાવી જાય
રીંછે લીધો ડંડો, વાંદરાએ લીધો ઝંડો
એની પાછળ ઊંટ એની ડોક ઝૂલાવી જાય
ચિત્તાભાઇ મોટામોટા લાપા ફાડી ચાલે
દીપડાભાઇ દોટ મૂકી ઝાડે ચડી જાય
હરણ સાબર ભૂંડ એકી સાથે ચાલે
નાની એવી લોંકડી દાંત ભીંસતી જાય
વરુ, ઝરખ, ઝિબ્રા ધીમે ધીમે ચાલે
ગધેડાભાઇ એનું મોટું નાક ફૂલાવી જાય
સૌથી નાનું સસલું સૌની વચ્ચે ચાલે
જિરાફભાઇની લાંબી ડોક ઝાડે ચડી જાય
આ સેનામાં રોજડું પાછું પાછું ચાલે
ગધેડાઓ રોજડાને લાત મારી જાય
શિયાળભાઇ પાછળ બીતા બીતા ચાલે
જો કાંઇ ગડબડ થાય તો પાછા ફરી જાય
આખી સેના બૂમ બરાડા પાડી આગળ જાય
જો કોઇ સામે મળે તેના રામ રમી જાય

